## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા આઈ.સી.એ.આર યોજના ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટ યોજાઈ.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા સાલાવાડા, તા.:- લુણાવાડા, જી:- મહીસાગર ખાતે તા.૨૯/૧૨/૨૦૨૦ ના રોજ મકાઈ પાકમાં મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટ કરેલ હતી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ મકાઇની હાઇબ્રીડ જાતો ખેડૂત-મિત્રો અપનાવતા થાય એ ખુબ જ અગત્યનું હોઈ આઈ.સી.એ.આર યોજના ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત તાલીમ યોજાઈ જેમાં ૫૦ જેટલા ખેડૂતમિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ.એમ.બી.પટેલ એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી તેમજ હાઇબ્રીડ જાતોની વાવણી કરવાપર ભાર મુકેલ હતો.

શ્રી.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી,

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો. ડૉ.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્રી) દ્વારા મકાઈમાં આવતી નવીન જીવાત ફોલ આર્મી વોર્મ (પૂછડે ચાર ટપકાવાળી લશ્કરી ઇયળ) ની ઓળખ અને તેમજ તેના જૈવિક તેમજ રાસાયણિક નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપેલ હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું. કાર્યક્રમની અંતે ખેડૂતના ખેતરની મુલાકાત લેવામાં આવી તેમજ ખેડૂત-ભાઈઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.



